**Divya Bhaskar (City Bhaskar)**

**Edition:** Ahmedabad | **Date:** July 01, 2009 | **Page No:** 02 | **Category:** Krishna Hospital

# નવી ટેક્નિકથી બન્યું રિપ્લેસમેન્ટ ઈઝી

**સિટી રિપોર્ટર** | અમદાવાદ



શહેરના અનેક લોકો ઢીંચણના દર્દથી પીડાતા હોય છે, જેમના માટે હાલમાં રિપ્લેસમેન્ટની સારવાર ઉપલબ્ધ છે. આ રિપ્લેસમેન્ટ કર્યા બાદ અનેક દર્દીઓને ઈન્ફેકશનની તકલીફ રહેતી હોય છે, તેમજ ઓપરેશન પછી પણ ફિઝિયોથેરાપિસ્ટની મદદથી રોજ પગની કસરત કરવી પડે છે. આ બધી તકલીફમાંથી મુક્તિ મેળવવા માટે ક્રિષ્ના હાર્ટ એન્ડ સુપર સ્પેશિયાલિટી ઈન્સ્ટિટ્યૂટના જોઈન્ટ રિપ્લેસમેન્ટ ડિપાર્ટમેન્ટના હેડ ડો. કે.સી. મહેતા દ્વારા રિપ્લેસમેન્ટ સર્જરીમાં એક નવી ટેક્નિક વિકસાવવામાં આવી છે. જેમાં દર્દીને ફિઝિયોથેરાપી કરાવવાની જરૂર રહેતી નથી. ડો. કે.સી. મહેતાએ સફળતા પૂર્વક આ નવી ટેક્નિકનો ઉપયોગ કરીને ૨૫૦ થી વધુ દર્દીઓની રિપ્લેસમેન્ટ સર્જરી કરી છે.

ડો. કે.સી. મહેતાએ વિકસાવેલી ટેક્નિકમાં એક નાનો કાપો મૂકવામાં આવે છે. જેનાથી દર્દી બીજા દિવસથી જ વોકરમાં ચાલતો થઈ જાય છે અને દર્દીને ત્રણ ચાર દિવસમાં રજા પણ આપી દેવામાં આવે છે.